ગાંધીનગર જિલ્લામાં જ્ઞાન સપ્તાહનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સહિત સમગ્ર રાજયભરમાં આજથી જ્ઞાન સપ્તાહનો આરંભ થયો છે. જ્ઞાન સપ્તાહના શુભારંભ રાજયના મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે ગાંધીનગર ખાતેથી કરવામાં આવ્યો હતો. મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે બાયસેગના માધ્યમથી રાજયભરના વિદ્યાર્થીઓ, શિક્ષકો, શાળા પરિવાર અને વાલીઓને ે-રણાત્મક સંદેશ આપ્યો હતો.

આજથી આરંભ થયેલા જ્ઞાન સપ્તાહના -થમ દિને ગાંધીનગરની -ાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં સ્વચ્છતા દિનની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરની તમામ સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ વધે તેવા ઉમદા આશયથી શાળા સંકુલની સામૂહિક સફાઇ, સુશોભન કાર્યક્રમ, વર્ગ સુશોભન હરિફાઇ, વિજ્ઞાન -યોગ ચાર્ટ, કાગળ કટીંગ -વૃત્તિ, માટીકામ, વર્ગ સફાઇ, રંગોળી-શ્રેષ્ઠ વર્ગ, ગુજરાતી -અંગ્રેજી સુલેખન, બાલ-વાર્તા, આદર્શ વાંચન, દાખલા ગણન, ઘડીયા ગાન અને સામાન્ય ક્વિઝ સ્પર્ધા યોજાઇ હતી.

આવતીકાલ તા. ૦૨ સપ્ટેમ્બર, ૨૦૧૪ના દિનને સમૃધ્ધિ દિન તરીકે ઉજવવામાં આવશે. જેમાં આ દિન નિમિત્તે શાળાના ઓરડાની ત્વરિત મંજૂરી, વધારાના ઓરડા, કમ્પાઉન્ડ વોલ, સેનીટેશનનું કામની મંજૂરી આપવામાં આવશે. તેમજ શાળાઓમાં સમૂહ વાંચન, વિદ્યાર્થીઓ દ્વારા વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, કાવ્ય વાંચન, ચેસ, કેરમ, યોગાસન, દેશભક્તિના ગીતો, મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને અન્ય મહાનુભાવો વિશેનું વાંચન કરવામાં આવશે.

અમરેલીના નાનકડા હરિપુરા ગામની પ્રાથમિક શાળાની અચાનક મુલાકાત લેતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આજે જ્ઞાન સપ્તાહના રાજયવ્યાપી -ારંભે અમરેલી જિલ્લાના ધારી તાલુકાની હરિપૂરા -ાથમિક શાળાની ઓચિંતી મૂલાકાત લીધી હતી.

ધારીમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમ માટે પહોંચેલા મુખ્યમંત્રીશ્રી જ્ઞાન સપ્તાહના -થમ દિવસના કાર્યક્રમોના જાતનિરીક્ષણ માટે કોઇપણ પૂર્વનિર્ધારીત કાર્યક્રમ સિવાય હરિપૂરા -ાથમિક શાળામાં પહોંચ્યા હતા અને વિદ્યાર્થીઓ-શિક્ષકો સાથે સંવાદ કર્યો હતો તેમજ જ્ઞાન સપ્તાહના કાર્ય આયોજનની વિગતો મેળવી હતી. શ્રીમતી આનંદીબહેને શાળા પરિવાર શિક્ષકોને જરૂરી માર્ગદર્શન પણ પુરૂં પાડયું હતું.

બનાસકાંઠામાં સાર્વત્રિક વરસાદથી ખુશીનો માહોલ

પાલનપુરમાં ગણેશોત્સવના પંડાલોમાં પાણી ભરાતા આયોજકો મુશ્કેલીમાં

પાલનપુર, તા.૧

પાલનપુર સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ પુનઃ એન્ટ્રી કરતા ચોતરફ ખુશીનો માહોલ છવાયો છે. જિલ્લામાં પ્રજાજનો, ખેડૂતો સહિત અબોલ જીવો પશુ-પંખીઓમાં પણ આ વરસાદના કારણે ખુશાલી છવાયી છે. જો કે આ વરસાદના કારણે હાલ ગણેશોત્સવના આયોજકોને પંડાલમાં પાણી ભરાવાથી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

છેલ્લા ૩ દિવસમાં પડેલા નોંધપાત્ર વરસાદના કારણે ખેડૂતો આનંદિત છે કેમ કે ઘણા સમયથી પાકને વરસાદની જરુર હતી. જેથી સમયસર વરસાદ આવતા રાહતની લાગણી ફેલાઈ છે. આ રાઉન્ડમાં પાલનપુર ઉપરાંત ડીસા, અંબાજી, ધાનેરા, વડગામ અને દાંતામાં પણ સારો વરસાદ થયો છે. જો કે પાલનપુરમાં અનેક ગણેશ પંડાલમાં વરસાદના પાણી ભરાઈજવા પામ્યા છે. શહેરના નીચાણવાળા ભાગમાં પાણી ભરાવાની સમસ્યાએ નગરપાલિકાના પ્રિ મોન્સુન પ્લાનની પોલ ખોલી દીધી છે.

અંબાજી પદયાત્રાએ જતા પદયાત્રીકો માટે ગાંધીનગરના વકીલ મિત્રો દ્વારા મહાકાલી મહાપ્રસાદ સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. સેવા કેન્દ્રનો શુભારંભ આજે શ્રી શ્રી ૧૦૮ વૈરાગ્યનંદ બાપુના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં વકીલ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિલીપ પ્રજાપતી)

રાજયના ત્રણ જિલ્લાઓમાં સરેરાશ વરસાદ સામે ૧૦૦ ટકા વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા.૧

રાજયમાં આ વર્ષે સરેરાશ વરસાદ સામે અત્યાર સુધીમાં ૬૮.૫૬ ટકા વરસાદ નોંધાયો છે. ત્રણ જિલ્લાઓમાં સરેરાશ વરસાદના ૧૦૦ ટકા વરસાદ નોંધાયો છે.

રાજય પુર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં આ વર્ષે અત્યાર સુધીમાં ગત વર્ષની સરખામણીએ સરેરાશ ૬૮.૫૬ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લાવાર આંકડા જોઈએ તો સરેરાશ વરસાદ સામે પોરબંદરમાં ૧૦૪ ટકા જુનાગઢમાં ૧૦૦ ટકા ગીર-સોમનાથમાં ૧૦૦ ટકા વરસાદ નોંધાયો છે.

જયારે રાજયના ૬ જિલ્લાઓ એવા છે જયાં સરેરાશ વરસાદ સામે ૮૦ થી ૯૦ ટકા વરસાદ નોંધાયો છે જેમાં સાણંદમાં ૮૯ ટકા, સુરેન્દ્રનગરમાં ૮૬ ટકા, બોટાદમાં ૮૧ ટકા ભરૂચમાં ૮૨ ટકા વલસાડમાં ૮૨ ટકા અને દેવભૂમિ દ્વારકામાં ૮૮ ટકા વરસાદ નોંધાયો છે.

જયારે રાજયના પાંચ જિલ્લાઓ એવા છે જયાં ૭૦ થી ૮૦ ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

સુરેન્દ્રનગર-મહેસાણામાંથી શંકાસ્પદ સીંગતેલનો જથ્થો જપ્ત કરાયો

૧.૯૨ લાખનો જથ્થો જપ્ત કરી નમૂનાઓ તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલાયા

ગાંધીનગર, તા.૧

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સુરેન્દ્રનગર અને મહેસાણા ખાતે વિવિધ ઠેકાણે તપાસ હાથ ધરી વિવિધ બ્રાન્ડના સીંગતેલના શંકાસ્પદ જથ્થાને જપ્ત કર્યો હતો. શંકાસ્પદ નમૂનાઓ તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી દેવાયા છે. તંત્ર દ્વારા ૨૪૩૦ કીલો સીંગતેલનો જથ્થો જપ્ત કરાયો છે. જેની અંદાજિત કિંમત રૂ. ૧.૯૨ લાખ થાય છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી. કોશિયાના જણાવ્યા મુજબ રાજયમાં ખાદ્ય ખોરાકમાં થતી ભેળસેળ રોકવા માટે આ તંત્રના ફુટ સેફટી ઓફિસર દ્વારા રાજયભરમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. આ તપાસ દરમિયાન ફુટ સેફટી ઓફિસરે સુરેન્દ્રનગર ખાતે આવેલી મે. નુરુદ્દીન બાબુલાલ નામની પેઢીમાં ઓચિંતાની મુલાકાત લીધેલ હતી અને મુલાકાત સમયે શ્રીનાથજી ઈન્ડસ્ટ્રીઝ, ગોંડલ દ્વારા ઉત્પાદિત દાઉદાણી સીંગતેલના ૫૭ ટીન વેચાણ અર્થે સંગ્રહ કર્યા હતા. ફુડ સેફટી ઓફિસરને આ સીંગતેલની ગુણવત્તા બાબતે શંકા જણાતા આ ટીનમાંથી નમૂનો લીધો હતો. બાકી રહેલ જથ્થો જપ્તો કર્યો હતો. જયારે મહેસાણા જિલ્લાના ફુટ સેફટી ઓફિસર દ્વારા બહુચરાજી ખાતે આવેલ મહાકાળી ટ્રેડીંગ, ઉમિયા ટ્રેડીંગ, મે. નિલેશ વિનોદભાઈ ઠકકર તથા ગણેશ ટ્રેડર્સ નામની દુકાનોની તપાસ હાથ ધરી હતી. જેમાં જય કિષ્ણા ઈન્ડસ્ટ્રીઝ, જામવાડી, ગોંડલ દ્વારા ઉત્પાદિત ગણપતિ બ્રાન્ડ સીંગતેલના ૪૦ ટીન, જય ભોલે ઈન્ડસ્ટ્રીઝ, ગોંડલ ઉત્પાદિત લવ કુશ સીંગતેલ, ધરતી ફુડસ કડી દ્વારા ઉત્પાદિત ગજાનંદ સીંગતેલના ૩૦ ટીન, મારૂતિ પ્રોટીન્સ ગોંડલ દ્વારા ઉત્પાદિત ગણેશ બ્રાન્ડ સીંગતેલના ૨૫ ટીન, શ્રીનાથજી ઓઈલ રાજકોટ દ્વારા ઉત્પાદિત બંસરી બ્રાન્ડ સીંગતેલના ૧૦ ટીન વેચાણ અર્થે જોવા મળ્યા હતા. આ તમામ સીંગતેલોની ગુણવત્તા બાબતે શંકા જતા દરેક બ્રાન્ડોના નમૂનાઓ લઈ બાકી રહેલ ૧૦૫ ટીન જપ્ત કર્યા હતા. આ નમૂનાઓ પૃથ્થકરણ કરવા માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. તંત્ર દ્વારા કુલ ૨૪૩૦ કિલો સીંગતેલનો જથ્થો જપ્ત કરાયો છે. જેની અંદાજીત કિંમત રૂ. ૧,૯૨,૧૬૧ થાય છે. પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ કાયદા હેઠળ જે તે કસુરવારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર કાર્યવાહીથી તેલમાં ભેળસેળ કરતાં વેપારીઓમાં ખળભળાટ મચી ગયો છે.

નોટરીની ફી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિનિમયપત્ર રજૂ કરવા માટે રૂ. ૫૦/- અને કોઈપણ વ્યક્તિનું સોગંદનામું કરવા માટે રૂ. ૩૫/- લેવાશે. કોઈપણ ખત અમલમાં લાવવા ધારેલ હોય તે સ્થળના કાયદાને અનુરૂપ હોય તેવા નમૂનામાં અને ભાષામાં ભારત બહારના કોઈપણ સ્થળ અથવા કોઈપણ દેશમાં અમલમાં લાવવા ધારેલ કોઈપણ ખત તૈયાર કરવા તેમજ ખતની શાખ કરવા અથવા પ્રમાણિત કરવા માટે રૂ. ૨૦૦/-, એક ભાષામાંથી બીજી ભાષામાં કોઈપણ દસ્તાવેજનું ભાષાંતર કરવા અને ભાષાંતરની ખરાઈ કરવા માટે રૂ. ૧૦૦/- લેવામાં આવશે. શીપ પ્રોટેસ્ટ, પ્રોટેસ્ટ અથવા ડેમરેજને લગતા પ્રોટેસ્ટ અને બીન વાણિજ્યિક બાબતો નોંધવા-તૈયાર કરવા માટે રૂ. ૨૦૦/-, અસલની ખરી નકલો કરી દસ્તાવેજની નકલો પ્રમાણિત કરવા માટે પાના દીઠ રૂ. ૧૦.૦૦ અને ઓછામાં ઓછા રૂ. ૨૦/- તેમજ બીજા કોઈપણ નોટરી કામ માટે સરકાર વખતો વખત નક્કી કરે તેટલી રકમ લેવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા જેની નિમણૂંક આપવામાં આવેલ છે તેવા તમામ નોટરીઓનએ જાહેર હીતમાં નોટરી ફીના સુધારેલ દરો દર્શાવતાં બોર્ડ તેમના કામના સ્થળે લોકો સહેલાઈથી જોઈ શકે તે રીતે મુકવાના રહેશે. દરેક નોટરીએ નક્કી કરાયેલા દરો કરતાં વધુ ન હોય તેટલી ફી લઈ શકશે તેમ કાયદા વિભાગની યાદીમાં જણાવાયું છે.

તોફાની વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આંતરિક માર્ગો પર ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. માત્ર અડધાથી પોણા કલાકમાં દોઢ ઈંચ વરસાદ વરસી જતા સેક્ટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. વીજ ચમકારા અને કડાકા સાથે ભારે પવન વચ્ચે વરસતા વરસાદના લીધે માર્ગો પર વરસાદી પાણી ઉભરાયા હતા. વૃક્ષો માર્ગ વચાળે આડશ થવાથી રાહદારીઓ પણ અટવાયા હતા. જ્યારે શહેરમાં ગણેશોત્સવની ઉજવણી અન્વયેના કાર્યક્રમોનું આયોજન પણ વરસાદના લીધે ખોરવાઈ ગયું હતું. સતત વરસાદના લીધે ગણેશોત્સવના આયોજકો પણ ચિંતામાં મુકાઈ ગયા છે. આજે પણ મોડી સાંજે વાતાવરણમાં ઉકળાટ વર્તાઈ રહ્યો હતો. જ્યારે ૭.૩૦ કલાકે અચાનક જ ગગનભેદી વીજકડાકા અને વાદળગર્જના વચ્ચે વરસાદ ખાબક્યો હતો. રાત્રિના વરસાદી ઝાપટા સાથે હળવી ઠંડક પ્રસરી હતી. વરસાદી વાયરાના લીધે શહેરમાં અંદાજિત ૧૦૦ જેટલા વૃક્ષો જમીનદોસ્ત થયા છે. સે. ૧૨માં પણ નારીસંરક્ષણ ગૃહના સંકુલમાં વૃક્ષ ધરાશાયી થતા કમ્પાઉન્ડ હોલ તુટી પડી હતી.

પોરમાં રામદેવ પીરનો મેળો

ગાંધીનગર, તા.૧

તાલુકાના પોર ગામમાં આવેલ બાબા રામદેવ પીરના પૌરાણિક મંદિરે ભાદરવા સુદ-૯ તા. ૩જી ના રોજ મેળો યોજાશે. તેમજ રામદેવપીર ભગવાનના નેજા ચઢાવામાં આવશે. આ મેળામાં તેમજ નેજા ચઢાવવાના સમયે દર્શનનો લાભ લેવા સરપંચ લીલાબેન ઠાકોરે આમંત્રણ પાઠવ્યું છે.

તલોદમાં ગ્રાહકભંડારની વ્યવસ્થાપક કમિટિની બિનહરીફ વરણી

તલોદ, તા. ૧

તાજેતરમાં તલોદમાં ગ્રાહક ભંડાર વ્યવસ્થાપક કમિટિની ચૂંટણીઓ યોજાઈ હતી. જેમાં કુલ ૧૫ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જો કે આખરી સમયે ચાર ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા વ્યવસ્થાપક કમિટિની બિનહરિફ વરણી કરવામાં આવી હતી. આ વિજેતા ઉમેદવારોમાં ચીમનભાઈ ગોરધનભાઈ પટેલ, વર્તમાન ચેરમેન સુનિલકુમાર નવનીતલાલ પટેલ, ગાંડાલાલ છોટાલાલ શાહ, અશોકકુમાર મણીલાલ શાહ, વાસુદેવ દલસુખરામ ભટ્ટ, ચંપકલાલ ચુનીલાલ શાહ, પ્રવિણચંદ્ર હરિકૃષ્ણ રાવલ, વિનુભાઈ રણછોડભાઈ ચૌહાણ, દિનેશભાઈ રામજીભાઈ પટેલ, બાબુભાઈ ફતાભાઈ પટેલ અને કિર્તનભાઈ કેશાભાઈ પટેલનો સમાવેશ થાય છે. આ ચૂંટણી પ્રક્રિયા ગ્રાહક ભંડારના મેનેજર રામજીભાઈ પટેલ અને સેવા સહકારી મંડળીના ચેરમેન બાબુભાઈ ગાંડાભાઈ પટેલની હાજરીમાં સર્વાનુમતે કરવામાં આવી હતી.

પાણીથી તરબોળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રબળ જણાઈ રહી છે. જો કે અહીંના સ્થાનિક તંત્ર એ જે જગ્યાએ પાણી પડે છે ત્યાં કોથળો મુકી આંગતુકો અકસ્માતનો ભોગ ન બને તેની તકેદારી રાખવાનો પ્રયાસ કર્યો છે.

પ્રવેશ દ્વારમાં ટપકતા પાણીથી અહીં ગંદકી જેવો માહોલ પણ સર્જાયો છે. એકદમ શાંત વાતાવરણમાં વાંચન પ્રિય લોકો પોતાના મનગમતા મેગેઝીન કે અન્ય સાહિત્યનું વાંચન કરે છે ત્યારે ગંદકી થકી મચ્છરોની ઉત્પત્તિ આ સ્થાને લોકોને પરેશાન કરશે તેવી પણ શંકા લોકો વ્યકત કરી રહ્યા છે જેથી આ પુસ્તકાલયની ઈમારતની યોગ્ય મરામત કરી લોક હૃદયમાં અનેરું સ્થાન ધરાવતા આ પુસ્તકાલયને વાતાનુકુલિત એટલે કે ઉનાળો, શિયાળો અને ચોમાસા દરમિયાન પણ યોગ્ય વાતાવરણ પ્રાપ્ત થાય તેવું બનાવવા માંગ ઉઠી છે.

વીમા સપ્તાહ ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. વર્ષ ૨૦૧૩-૧૪ ના અંતે વિભાગે કુલ ૨૫૪૧૭૩ દાવા હેઠળ કુલ ૬૨૬.૯૩ કરોડની ચુકવણી કરવામાં આવી છે. જ્યારે ગોલ્ડન જ્યુબિલી ફાઉન્ડેશન દ્વારા પણ ચાલુ વર્ષ દરમિયાન ૨૦ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ ૧૦,૦૦૦ ની શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર વિભાગમાં દાંતીવાડા-બનાસકાંઠા ખાતે નવી સેટેલાઈટ ઓફિસની માન્યતા મળતા શરૂ કરી દેવાઈ છે. આ દરમિયાન એલ.આઈ.સી. દ્વારા આજથી શરૂ કરવામાં આવેલી મહત્વની 'જીવન સગુન' પોલીસી અંગે પણ માહિતી પુરી પાડી હતી. આ ઉપરાંત નાગરિકો માટે સે. ૧૧ માં કસ્ટમર ઝોન શરૂ કરવામાં આવ્યું હોવાનું પણ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું. જેના આધારે હવે ગ્રાહકોને ઓલ ઈન્ડીયાની કોઈપણ પોલીસી, નોમિનેશન સહીતની પ્રકીયામાં સફળતા ઉપલબ્ધ થશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

મંત્રી વિહોણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠરાવ કરીને ચૂંટણી પ્રચાર અંગેની ટ્યુહરચના ઘડીને ચૂંટણી પ્રચારનો શ્રીગણેશ કર્યા હોવાનું જાણવા મળે છે.

મોટાભાગના મંત્રીઓ આજે ચૂંટણી પ્રચારાર્થે જિલ્લાના પ્રવાસે જતાં સચિવાલયમાં મંત્રાલયો મંત્રીઓ વિહોણા સુમસામ બની ગયા હતા. અને મંત્રાલયમાં મુલાકાતીઓ પણ જોવા મળતા ન હતા.

આવતીકાલે મંગળવાર મુલાકાતીઓ માટેનો દિવસ હોઈ અને ૩જી તારીખના બુધવારના રોજ કેબીનેટ બેઠક હોઈ મંત્રીઓ આવતીકાલે સચિવાલયમાં આવનાર હોવાનું જાણવા મળે છે.

શબ્દાવલી - ૫૪૯૩



આડી ચાવી

૧. બીજાના કાર્યમાં વિઘ્ન આવે તે જોઇ ખુશ થનાર (૫)
૪. વિચાર (૨)
૬. એક હિન્દી ફિલ્મ (૨)
૭. ... રકાબી, પ્યાલો (૨)
૧૧. જંગલ, વગડો (૨)
૧૨. ખરાબ લક્ષણ, કુલક્ષણ(૫)
૧૩. તિરાડ (૨)
૧૪. તિરાડ (૨)
૧૫. લાગવગ, ઓળખાણ (૨)
૧૮. તલ્લીન, કાર્ય... (૨)
૧૯. લાંબી ડોકવાળું ચોપગુપ્રાણી (૩)
૨૧. વાળ જેવી પાતળી તિરાડ (૩)

ઊભી ચાવી

૧. બ્રાહ્મણ, ભુદેવ (૨)
૨. ચિંતા (૩)
૩. વજન કરવું, ... કરવો (૨)
૫. વજન કરવું, ... કરવો (૨)
૭. એક મસાલાનું લાકડુ (૨)
૮. નવું પાન ઉગે તેને... કહેવાય (૩)
૯. દિલ, હૃદય (૨)
૧૦. પુષ્પ... માં બધા સોનું-ચાંદી ખરીદે(૩)
૧૧. રાતે-મધરાતે ગમે ત્યારે(૫)
૧૨. જીતી ના શકાય તેવું (૫)
૧૬. ચોખ્ખું (૨)
૧૭. પાણીની ચામડાની થેલી(૩)
૨૦. બૂમ, ચીસ (૨)

શબ્દાવલી ૫૪૯૨ના જવાબ

આડી ચાવી :- (૧) ગતાગમ (૬) ગરમ (૭) ખરેખર (૯) લુઆ (૧૧) કસ (૧૩) કડી (૧૪) ખપ (૧૬) વિકરાળ (૧૭) અસર (૧૮) વરો (૧૯) વિકાસ (૨૧) કલમ (૨૨) બાવળ (૨૩) તલાશ

ઊભી ચાવી :- (૧) ગગન (૨) તાર (૩) ગમલુ (૪) ખારેક (૫) ખાર (૫) ખસખસ (૧૦) આકળવિકળ (૧૨) આકરો (૧૫) પરવરીશ (૧૬) વિવશ (૧૭) અસમત (૨૦) કાલ

ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા
ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ
જાહેર નિવિદા નં. ૩ / ૨૦૧૪-૧૫નો સુધારો

કાર્યપાલક ઈજનેરશ્રી, મા. મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે જણાવેલ બિલ્ડીંગના કામો માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના કામની સામે જણાવેલ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવેલ છે. જેમાં દરેક બાબતની મુદત વધુ ૧૫ દિવસ લંબાવવામાં આવે છે. જેની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.
માહિતી/૧૧૦૩/૧૪-૧૫

ઓનલાઈન જાહેર નિવિદા નં. ૬ સને ૨૦૧૪-૧૫
માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલ જા.નિ.નં.૬ના ૨૦૧૪-૨૦૧૫ના કામ સારૂ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૪, 'બી' બ્લોક, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૧૯૯, ૯૮ અને ૯૩ દ્વારા ઓનલાઈન 'બી-૨' ટેન્ડરથી માંગવામાં આવેલ છે.

અનુ નં.	કામનું નામ	(૧) અંદાજીત રકમ (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી	ઈજારદારશ્રીની યોગ્યતા શ્રેણી
૧.	કન્સ્ટ્રકશન ઓફ બાઉન્ડ્રી વૉલ ફોર હેલીપેડ ગ્રાઉન્ડ એટ સેક્ટર નં.૧૭ના કામ બાબત	રૂ. ૧,૯૨,૬૦,૪૬૮.૦૦ રૂ. ૧,૯૩,૦૦૦.૦૦	"બી" ક્લાસ

ઈ.ટેન્ડરના દસ્તાવેજો અમારી વેબસાઈટ www.rnb.nprocure.com ઉપરથી તા. ૬/૯/૨૦૧૪થી તા. ૧૨/૯/૨૦૧૪ના ૧૭-૦૦ કલાક સુધી જોવા મળી શકશે તેમજ ભરી શકાશે. જો શક્ય હશે તો પૂર્વપાત્રતા બીડ તા. ૧૨/૯/૨૦૧૪ના રોજ ૧૭-૩૦ કલાકે ખોલવામાં આવશે. બાનાની રકમ, ટેન્ડર ફી અને બધા જરૂરી દસ્તાવેજો જેવા કે રજીસ્ટ્રેશન, ચાલુ કેલેન્ડર વર્ષનું વેલીડ સોલવંશી સર્ટીફિકેટ, પાન કાર્ડ વગેરે ટેન્ડર ભરતી વખતે સ્કેન કરીને ઈલેક્ટ્રોનિક ફોરમેટમાં ઓનલાઈન રજૂ કરવાના રહેશે. જરૂરી ટેન્ડર ફી (ડી.ડી.) અને બાનાની રકમ (ઈ.એમ.ડી.) ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી એવી રીતે મોકલવાની રહેશે કે જે આ કચેરીમાં ફક્ત તા. ૧૫/૯/૨૦૧૪થી તા. ૨૨/૯/૨૦૧૪ના કચેરી સમય દરમિયાન મળી રહે.
માહિતી/૧૦૯૮/૧૪-૧૫

Gujarat State Petronet Limited
Corporate Identity Number: L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 **Tel.:** +91-79-66701001
Fax: +91-79-23236477 **Website:** www.gspcgroup.com **Email:** investors.gspl@gspc.in

નોટિસ

૧. વાર્ષિક સામાન્ય સભા :
આથી નોટિસ આપવામાં આવે છે કે, કંપનીના સભ્યોની ૧૬મી વાર્ષિક સામાન્ય સભા ગુરૂવાર તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ બપોરે ૩-૦૦ વાગે 'એસેમ્બલી હોલ', જીએસપીસી ભવન, ઉદ્યોગ ભવન પાછળ, સેક્ટર-૧૧ ગાંધીનગર, ૩૮૨૦૧૦ ખાતે મળશે.
આ બેઠકમાં જે સામાન્ય અને વિશેષ કામકાજ હાથ ધરવામાં આવશે તેની નોટિસ,તેની સાથે તેનુ વિવરણ કરતુ નિવેદન તેમજ ૩૧ માર્ચ, ૨૦૧૪ સુધીનુ સરવૈયુ, નફા-નુકશાનનો અહેવાલ તથા તે તારીખે પૂરા થતા વર્ષનો તેની ઉપરના ઓડિટરો અને ડિરેક્ટરોના અહેવાલ સાથે જે સભ્યોએ આરએન્ડટીએ/ડીપોઝીટરી/કંપનીમાં ઈમેઈલ આઈડી આપેલાં છે તે સભ્યોને ઈ-મેઈલથી મોકલી આપવામાં આવેલ છે. જે સભ્યોએ તેમનાં ઈમેઈલ આઈડી રજીસ્ટર કરાવ્યાં નથી/ ૩૦ ઓગસ્ટ, ૨૦૧૪ સુધી ફીઝીકલ કોપી માટે વિશેષ વિનંતી કરેલી છે, તે સભ્યોને કુરિયર મારફતે મોકલી આપવામાં આવેલ છે. કૃપયા નોંધ લેશો કે આ દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.gspcgroup.comના ઈન્વેસ્ટર્સ વિભાગમાં અને આ ઉપરાંત કંપનીની રજીસ્ટર્ડ ઓફિસમાં, ઓફિસના સમય દરમ્યાન જોવા માટે ઉપલબ્ધ છે.

૨. એજીએમ અને ડિવિડન્ડની ચૂકવણી માટે બુક બંધ :
આથી કંપનીઓના કાયદા ૨૦૧૩ની કલમ ૯૧ને કંપનીઓ (મેનેજમેન્ટ અને વહિવટી) નિયમો-૨૦૧૪ સાથે અને લીસ્ટીંગના કરારના ક્લોઝ ૧૬ સાથે અનુસરતાં કંપનીના સભ્યોનું રજીસ્ટર અને કંપનીની ટ્રાન્સફર બુક શનિવાર તા.૨૦મી સપ્ટેમ્બર,૨૦૧૪થી ગુરૂવાર તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૪ સુધી (બંને દિવસો સહિત) ડિવિડન્ડની ચૂકવણી માટે બંધ રહેશે. આગામી વાર્ષિક સામાન્ય સભામાં જો ડિવિડન્ડની જાહેરાત કરવામાં આવશે તો જેમનાં નામો (અ) બેનિફીશિયિલ ઓનર તરીકે ૧૯મી સપટેમ્બર, ૨૦૧૪ના રોજ કામકાજના કલાકો પૂર્ણ થવા સુધીમાં ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં શેર ધારણ કરવા અંગે ડિપોઝીટરી તરફથી જેમનાં નામે ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર ઉપલબ્ધ હશે. તેમને (બ) ૧૯મી સપ્ટેમ્બર સુધીમાં ફીઝીકલ સ્વરૂપે મળેલા અને ૨૦મી સપ્ટેમ્બરની સ્થિતિએ કંપનીના સભ્યોના રજીસ્ટરમાં રજીસ્ટર્ડ મેમ્બર તરીકે માન્ય થયેલા તમામને શેર ટ્રાન્સફર અમલી બન્યા પછી તેમને મંગળવાર ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ચૂકવણી કરવામાં આવશે. સભ્યોએ ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં શેર અંગેની ઉપરોક્ત વિગત ડિપોઝીટરી પાર્ટીસિપન્ટસને સમયસર મોકલી આપવી.
તમામ ટ્રાન્સફર ડીડઝ, સરનામામાં ફેરફાર માટેની વિનંતિઓ, બેંકની વિગતો મેન્ડેટસ/એનઈસીએસના મેન્ડેટ, પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN) કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ કાવિ કોમ્પયુટરશેર પ્રાઈવેટ લિમિટેડ, ૧૭-૨૪ વિઠ્ઠલ રોડ નગર,માધાપુર, હૈદ્રાબાદને ૫૦૦૦૮૧ ખાતે મોકલી આપવાના રહેશે. જો શેર ફીઝીકલ સ્વરૂપે હોય તો આ વિગતો ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૪ પહેલાં મોકલી આપવાની રહેશે. ઈલેક્ટ્રોનિક સ્વરૂપે ધારણ કરાયેલા શેર બાબતે ઉપર દર્શાવેલી તમામ વિગતો જેતે ડિપોઝીટરી પાર્ટીસિપન્ટને સભ્યોએ સમયસર મોકલી આપવાની રહેશે.

૩. ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટીંગ અંગે :
કંપની ધારા, ૨૦૧૩(''ધારા'')ની કલમ ૧૦૮ ની જોગવાઈઓ અને કંપનીઓના (મેનેજમેન્ટ અને વહિવટી) નિયમો-૨૦૧૪ ના નિયમ ૨૦ તથા લીસ્ટીંગ ના કરાર અનુસાર કંપની તેના સભ્યોને એજીએમની નોટિસમાં દર્શાવેલા તમામ ઠરાવો ઉપર તેમના મતદાનનો અધિકાર આપતાં આનંદ અનુભવે છે. કંપનીએ 'કાર્વી'ના નામે ઓળખાતી કાર્વિ કોમ્પયુટરશેર પ્રાઈવેટ લિમિટેડને ઈ-વોટીંગની સુવિધાઓ આપવા માટે રોકી છે. માન્ય ઈ-વોટીંગ માટેની આખરી તારીખ ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૪ રહેશે.
કંપની ધારા, ૨૦૧૩ની જોગવાઈઓ અને નિયમો હેઠળની વિગતો નીચે મુજબ છેઃ
- નોટિસો મોકલવાની કામગીરી પૂર્ણ થયાની તારીખઃ ૩૦ ઓગસ્ટ, ૨૦૧૪.
- ઈ-વોટીંગ શરૂ થવાનો દિવસ અને સમયઃ ગુરૂવાર તા.